કાન્તિ ભટ્ટ

## પ્રેમ એ સાધ્ય નથી, પ્રેમ માત્ર સમગ્ર જીવનને આનંદથી ચલાવવાનું સાધન છે

'આપણે બધા જ બાયોલૉજિકલી પ્રોગ્રામ્ડ છીએ. તે આંતરિક પ્રોગ્રામ પ્રમાણે આપણે જીવનમાં સાથીદાર શોધતી વખતે વર્તીએ છીએ. આપણે મનગમતા સાથી પસંદ કરીએ ત્યારે ખરેખર પ્રથમ નજરે વાસનાની ભૂખ હોતી નથી. પરંતુ સાચી લાગણી જ ઉભરાતી હોય છે. શરૂઆતની આ લાગણીઓ વિશ્વનીય હોય છે. આપણી અંદરના આ જીવરાસાયણિક સંસ્કાર પ્રમાણે મુગ્ધાવસ્થામાં પ્રેમમાં પડીએ છીએ. ફરીવાર કદાચ યુનિવર્સિટીમાં કે ઓફિસમાં તમે બીજા નવા પ્રેમમાં પડો છો. એમાં જ્યારે ગંભીર થાઓ છો ત્યારે લગ્ન કરો છો.' આવી વાત લેખક જ્હોન રોબર્ટ કહે છે. પરંતુ પ્રેમ શાશ્વત છે કે કાયમી છે તે રીતે લગ્ન શાશ્વત ન હોઇ શકે. પ્રેમ સાથે લગ્નની વાત ભારતમાં ભેળસેળ થાય છે. એટલે જ મોટી આફત થાય છે. તેથી જ પ્રેમમાં વફાદારીની ખોટી વાતને ઘુસાડાય છે. પ્રેમમાં પડનારી વ્યક્તિ એક જ વ્યક્તિને વળગીને પ્રેમ કરતી રહે તે જરૂરી નથી.

વાર્તાકાર જ્હોન રોબર્ટ કહે છે કે પ્રેમ અને લગ્ન બાબતમાં કોઇએ કોઇનાં ધોરણ સ્વીકારવાં નહીં. તમારું જજમેન્ટ ખોટું હોય તો પણ તમારી લાગણીને અનુસરીને કામ કરવું. પોતાનો અનુભવ કહેતાં તે કહે છે 'હું જેના પ્રેમમાં પડ્યો તેને પરણ્યો. અમને બાળકો જોઇતાં હતાં. બાળકો થયાં. પ્રથમ તબક્કામાં કિડલવ હતો(બાલસુલભ પ્રેમ). બીજા તબક્કામાં જવાબદાર પ્રેમ હતો. ત્રીજા તબક્કામાં અમે ૩૦ થી ૪૦ વર્ષનાં થયાં ત્યારે થોડાં 'રખડુ' કે છૂટછાટવાળાં થયાં. શરૂમાં બાયોલૉજિકલી પ્રોગ્રામ પ્રમાણે વર્ત્યા. ત્રીજા તબક્કામાં દરેક નવા સંબંધનો હેતુ સેક્સ હોય છે. પ્રેમલગ્ન કર્યા પછી સેક્સ અને એ પ્રેમલગ્ન ચાલુ હોય ત્યારે લગ્ન બહાર સેક્સ; આવો દૌર ચાલે છે. બંને જણ એકબીજાના અપરાધી બને છે. લેખક કહે છે કે જ્યારે અમારો લગ્ન સંબંધ તૂટી ગયો ત્યારે મારા બાયોલૉજિકલ પ્રોગ્રામ પ્રમાણેના પ્રથમ પ્રેમ તરફ પાછો ફર્યો. પરંતુ તે પ્રથમના પ્રેમનો સંબંધેય આંસુમાં પરિણમ્યો. તાત્પર્ય કે તમે બાયોલૉજિકલી પ્રોગ્રામ્ડ હો એટલે પ્રેમમાં કે નવા સંબંધમાં પડ્યા વગર રહી શકતા નથી. તમારું કંઇ ચાલતું નથી. એટલે તમારે નસીબે પ્રેમનું ચિરકાળનું સુખ હોતું નથી. પરંતુ પ્રેમ વગરનું લગ્નજીવન હરગિજ ચલાવી લેવું ન જોઇએ. તેમાં તમે તમારો ધર્મ ચૂકો છો. કારભ કે પ્રેમ એ તો જીવનની ફરજો બજાવવાનું એક સાધન છે. પ્રેમ એ સાધ્ય નથી. લગ્ન એક નક્કર સાધન છે. લગ્ન પણ લક્ષ્ય નથી.

તમારી રોજિંદી કામગીરીમાં, સર્જનશીલતામાં કે તમારી ફરજોમાં પ્રેમ કે લગ્ન આડા આવતા હોય તો પ્રેમ નિષ્ફળ જતાં આંસુ પાડીને નક્કામા ન બની જવાય. જીવન ચાલતું રહેવું જોઇએ. પ્રેમલગ્ન હોય તો પણ તેમાં જે નબળું પાત્ર હોય તે પોતે પ્રેમમાં અને લગ્નમાં નિષ્ફળ ગયું હોય તો પણ લગ્નને વળગી રહેવા માંગે છે. શાહ ઝફરે એક શાયરી કહી છે:

ગજબ હૈ કિં દિલમેં<br>
તો રખો કુદરત(દુશ્મની)<br>
કરો મુંહ પે હમસે<br>
સફાઇ(પ્રેમ) કી બાતેં

પ્રેમમાં નિષ્ફળ જવાય કે લગ્નમાં નિષ્ફળ તો જિંદગી નિષ્ફળ ગઇ છે તેમ ન મનાય. આલ્ડસ હકસલ્લી નામના ફિલસૂફનું નામ તમે સાંભળ્યું છે. તેમના ભાઇ જુલિયન હકસલેએ એમ.જી.વેલ્સની ભાગીદારીમાં 'સાયન્સ ઑફ લાઇફ' નામનું પુસ્તક લખેલું. જુલિયન હકસલે કજે છે કે 'હું માનું છું કે આ જીવન ગમે તેટલું કપરું હોય માણસે તેને ભરપૂર રીતે જીવવું જોઇએ. હું માનું છું કે જિંદગીમાં પીડા હોય, કંકાસ હોય, તમારા પ્રેમીપાત્રની કે બીજાની ક્રૂરતા હોય, 'બેવફાઇ' હોય, દુ:ખ હોય અને અંતે મરણ હોય, તમારે જિંદગીથી છૂટાછેડા લેવાના નથી. પ્રેમભંગ થઇ શકો, લગ્નભંગ થઇ શકો પણ જીવન-ભંગ ન થવાય...જીવન માટે કોઇ એબ્સોલ્યુટ ટ્રુથ એટલે કે અફર સત્ય કે અફર નૈતિકતા નથી. નૈતિકતા તમારી અંદરથી સ્ફુરે છે.'

મહત્ત્વની વાત એ છે કે પ્રેમ અને લગ્ન બંને ભરપૂર રીતે જીવવાનાં સાધનો માત્ર છે. રેલિજરી માથી રિલિજિયન શબ્દ આવ્યો છે. રેલિજરી એટલે શું ? રેલિજરીનો વિરુદ્ધનો શબ્દ છે-નેગ્લીજરી. રેલિજરી એટલે ખૂબ ધ્યાન દેવું. સામા પાત્રની અને પોતાની વર્તણૂકની ચિંતા કરવી. સાવચેત રહેવું. આત્મચેતના રાખવી અને આત્માના અવાજને અનુસરવો. તેમની વિરુદ્ધમાં નેગ્લીજરી એટલે નેગ્લીન્સ શબ્દ છે. સામા પાત્રની ઉપર વર્ણવેલા ગુણોની પરવાહ ન કરવી. જો તમે પ્રેમ અને લગ્નને ધર્મ માનો તો તમારે સામા પાત્રની ચિંતા કરવી જોઇએ. તે પ્રેમ આપે તેનાથી વધુ પ્રેમ આપવો. તમારા આત્માને અનુસરવું. તમને લાગે કે તમે પ્રેમ અને લગ્નનો ધર્મ પાળતા નથી કે સામું પાત્ર એ ધર્મ પાળતું નથી તો પછી આ જીવનની ફરજો તમે 'ધરમ' વગર બજાવી ન શકો. તે 'પ્રેમ'સંબંધથી છૂટવું જોઇએ.

કનૈયાલાલ મુનશી રૂઢિવાળાં લગ્ન પછી તેમના પ્રેમલગ્નમાં તેમના સાહિત્ય અને પ્રેમનો ધર્મ વધુ સારી રીતે બજાવી શક્યા હતા. એમના જ યુગના બ્રિટિસ લેખક જે.બી.પ્રિસ્ટલીની ૮૯મી જન્મજયંતી હતી ત્યારે તેને એક લેખિકાએ પૂછ્યું, 'બોલો તમે નવી પ્રજાને શું સંદેશો આપશો ?' જે.બી. પ્રિસ્ટલીએ કહેલું, 'ટ્રાય યુ એન્જોય મચ એઝ યુ કેન' આ વાક્ય તેઓ બે વખત બોલેલા. તેમને માનવજાતને સંદેશો આપ્યો કે 'જેટલો બની શકે તેટલો વધુ આનંદ લો. આનંદમાં રહો. તમારી જીવનની ફરજને આનંદથી બજાવો. તમારાં લગ્નને આનંદથી ભોગવો. જ્યાં આ આનંદમાં મર્યાદા અગર રુકાવટ આવે અને લાગે કૃત્રિમ રીતે તમે સંબંધના ઢસરડા કરો છો ત્યારે તમે તમારી સર્જનશક્તિને કુંઠિત કરો છો. સમાજ શું કહેશે તેની પરવાહ કર્યા વગર તમે સંબંધોના ઢસરડા ન કરો.'

લંડન ટાઇમ્સે જે.બી. પ્રિસ્ટલીને ૨૦મી સદીના સૌથી વધુ સેલિબ્રેટેડલેખક કહ્યા હતા તેઓ પોતે સમાજનાં વલણથી ત્રાસી ગયા હતા. તઓ યુવાનોને કહેતા કે જો તમે સમાજના ડરથી કંઇ કરતા હો કે સમાજના ડરથી લગ્ન સંબંધ જાળવતા હો તો તમે જિંદગીને બેવફા છો. તમે પ્રેમમાં બેવફા થઇ શકો પણ તમે તમારી પોતાની જિદગીને બેવફા ન થઇ શકો.
જ્યારે પ્રેમ વિશે લખીએ કે વાંચીએ છીએ ત્યારે સામાન્ય માનવીના મગજમાં અઢી કે ત્રણ કલાકની હિન્દી ફિલ્મનો રોમેન્ટિક કચકડા છાપનો પ્રેમ નજર સામે હોય છે. એ પ્રેમ નથી. એ માત્ર નખરા છે. પ્રેમ એ સમગ્ર જીવનને આવરી લેતું તત્ત્વ છે. તેને અલગ રાખીને જીવનને ન મૂલવી શકાય. મૂળ વાત છે કે પ્રેમમાં પડીને પણ તમે વિરોધાભાસમાં જીવતા હો તો તે નકામું છે. પરંતુ મોટા ભાગના સમાજને દંભમાં અને આત્મવંચનામાં કે શરીરમનની લાગણીઓ દાબીને જીવવાની જન્મજાત ટેવ પડી છે. પૂર્વના દેશો એટલે કે ભારત વગેરેમાં ખાસ.